**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૦/૦૧/૨૦૧૬ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી ૨૮૦ લીટર દેશી દારૂ, ૪૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫ બિયર ટીન અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૪,૮૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૪/૧૬**

**આનંદનગરઃ** સુનિતાબહેન કવા મઈડા (ઉ.વ.૧૬) (રહે.ચામુંડા ફાટક સામે નવી બનતી સાઈટ વેજલપુર) ને તા.૯/૧/૧૬ સવારના ૧૧/૧૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી આરોપી અભિશેક શર્મા (જેના પુરા નામની ખબર નથી (રહે. મુળ ગામ વાસુપુરા ઝારખંડ) લલચાવી ફોસલાવી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ સુનિતાબહેનના પિતા કાવા પુના મઈડાએ તા.૧૯/૧/૧૬ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ અંગેની તપાસ પો.ઇ.શ્રી પી વી જાડેજા ચલાવે છે.

**વાડજઃ** સોનલબહેન લક્ષ્મણભાઈ રાવત (ઉ.વ.૧૬) (રહે.બ્રહ્માણીની ચાલી નવાવાડજ) ને તા.૪/૧/૧૬ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી ગૌતમભાઈ નાગરભાઈ સેનવા (રહે. ગામ કોલાદ તાલુકો કડી જીલ્લો મહેસાણા) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ સોનલબહેનની માતા રેવાબહેન રાવતે તા.૧૯/૧/૧૬ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે બી બુબડીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૫/૧૬**

**રિવરફ્રંટ વેસ્ટઃ** રાજેશકુમાર લવજીભાઈ કટારીયા (ઉ.વ.૩૭)(રહે.સત્તાધાર સોસાયટી મહાવિરનગરની બાજુમાં અમરાઈવાડી) એ તા.૧૯/૧/૧૬ કલાક ૧૨/૩૫ વાગ્યા પહેલા વી.એસ.હોસ્પીટલ પાછળ કાગદીવાડ રીવરફ્રંટ ઘાટ નંબર-૯ નજીક અગમ્ય કારણસર નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી,આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિહ પોપટસિહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **નવરંગપુરાઃ** શીલાબહેન સુશિલકુમાર ઠાકુર (ઉ.વ.૨૫) (રહે.શાસ્ત્રીનગર વિભાગ-૧ ઈસનપુર) તા.૨૨/૧૨/૧૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે નવરંગપુરા આશ્રમ રોડ નટરાજ સિનેમા નજીક આવેલ એસ.બી.આઈ. એટીએમ નજીકથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા રંગનુ ટોપ અને પાયજામો પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે. (નવરંગપુરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૪૪૦૬૯૮) |  |
| **શાહપુરઃ** અમરીનબાનુ મહમદહુસેન શેખ (ઉ.વ.૧૭) (રહે.મોલની પોળ હવેલી) તા.૯/૧/૧૬ બપોરના ૨/૩૦ વાગ્યાનાં સુમારે શાહપુર મિરઝાપુર કુરેશી હોલ નજીકથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનુ ટોપ અને પાયજામો પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે. (શાહપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૬૦૦૫૪૫) |  |
| **શહેરકોટડાઃ** મનોજ ઉર્ફે હીતેશ યુવરાજ કાળે (ઉ.વ.૨૧)(રહે.વડવાળો વાસ કન્યાશાળાની બાજુમાં ઠાકોરવાસ સરસપુર) તા.૧૦/૧/૧૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. સીલેટીયા રંગનુ ચોકડીવાળુ શર્ટ અને કાળા રંગનુ પેન્ટ પહેર્યુ છે. ડાબા હાથની છેલ્લી આંગળી વળેલી છે તેમજ કપાળમાં જમણી આંખ ઉપરના ભાગે જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઈ ૫ ફુટ ૬ ઈંચ છે.(શહેરકોટડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૯૨૫૩૩૮) |  |
| **સાબરમતીઃ** રિચાબહેન ભાનુભાઈ વાઘેલા (ઉ.વ.૨૪)(રહે. પાર્વતિનગર જુની ઓ.એન.જી.સી. પાછળ સાબરમતી) તા.૧૨/૧/૧૬ રાતના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા રંગનુ સ્વેટર અને સફેદ રંગનો ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે. (સાબરમતી પો.સ્ટે. ફોન નંબર ૨૭૫૦૬૮૧૯) |  |
| **રામોલઃ** પારૂલબહેન વિજયકુમાર પટેલ (ઉ.વ.૩૫)(રહે.પુનમનગર સિંધવાઈ માતાના મંદિર પાછળ સીટીએમ રામોલ) તા.૨૬/૫/૧૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી રસોઈના ઓર્ડર લેવા જવાનુ કહી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. દાંત ઉપસેલા દેખાય છે. ઉંચાઇ ૫ ફુટ ૪ ઇંચ છે. (રામોલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૮૫૦૩૦૦) |  |
| **જીઆઈડીસી વટવાઃ** સુનિતાબહેન રામસિંગ ઠાકુર (ઉ.વ.૧૪) (રહે. કેનાલ પાસે ટોરન્ટ પાવરની સામે મચ્છુનગર જીઆઈડીસી વટવા) તા.૯/૧/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. આસમાની રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૪ ફુટ ૬ ઈંચ છે.( જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન નંબર ૨૫૮૩૦૦૦૪) |  |
| **વટવાઃ** ફીઝાબાનુ મહમદઆરીફ શેખ (ઉ.વ.૧૪) (રહે.સદભાવનાનગર ચાર માળીયા વટવા) તા.૧૫/૧/૧૬ રાતના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. આસમાની રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ગાલ ઉપર ખીલના દાઘ છે. ઉંચાઈ ૪ ફુટ ૬ ઈંચ છે. (વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>લાશ મળી આવવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૭/૧૬</u>**

| | |
|---|---|
| **રિવરફ્રંટ વેસ્ટઃ** તા.૧૨/૧/૧૬ કલાક ૯/૫૫ વાગ્યા પહેલા નદીમાંથી ૧૮ થી ૨૩ વર્ષની અજાણી યુવતીની લાશ રિવરફ્રંટ વેસ્ટ પોલીસને મળી આવી હતી. યુવતીએ લાલ ડીઝાઈનવાળુ ટોપ અને કાળા રંગની લહેંગી પહેરી હતી. (રિવરફ્રંટ વેસ્ટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૫૭૫૬૪૭) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)